# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૨૫ • તા.૩૧ ઓગસ્ટ થી ૬ સપ્ટેમ્બર ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






# આજથી શરૂ થયા પર્વાધિરાજ

# પર્યુષણ પર્વ


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
HAPPY
TEACHER'S
DAY
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# સફળ થવું કે નિષ્ફળ–આપણા હાથની વાત

આજે દરેક ક્ષેત્રમાં હરિફાઈ, ચડસા ચડસી વધી રહી છે. કોઈ પણ ક્ષેત્રમાં નવો વિચાર, નવી ટેકનોલોજી અમલમાં લાવી પોતાને વિકસાવું, પોતાના ઉદ્યોગ વ્યવસાયને ફેલાવવું, વધુને વધુ લોકો સુધી પહોંચી પોતાની સાથે સાંકળવા હંમેશને માટે પોતાનાથી ટચમાં રહે એ માટે નિત નવા નુસખા અજમાવાઈ રહ્યાં છે.

આજના માવતરો પોતાના સંતાનોને કેળવવા થઈ શકે તેટલું શિક્ષણ આપી સ્નાતક બનાવે છે. વિવિધ કલા, હોબી દ્વારા પોતાનો માળખો સ્વતંત્ર રીતે વિકસાવે એ માટે મોકળાશ આપે છે. બાળકોને અભ્યાસમાં ઉચ્ચ ગ્રેડ જળવાઈ રહે એનો દબાણ રહે છે. તો અન્ય ઈતર પ્રવૃત્તિમાં તે અવલ રહે એ માટેનું ટેન્શન પણ હોય છે. બધી સગવડો પૂરી પાડવા છતાં બાળકો પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકતા નથી અને જે પહોંચે છે તેઓ માંડ મુશ્કેલીથી સિદ્ધિ શિખર પામે છે. જે ઈચ્છાઓ, વ્યથાઓ, સંતાપોને અવરોધો ઓળંગી મક્કમતા, એક ચિતતા જળવાઈ રહે એવી એકલવ્ય નિષ્ઠા આજના બાળકોમાં નથી.

સુખી સંપન્ન પરિવારનો બાળક ભણે વધુ છે. બધી સગવડો પામીને પણ રંક પરિવારનો સંતાન અગવડ અને ઓછપ ભરી સુવિધાઓ છતાં અવલ રહે છે. આનું કારણ આજનું સુખ સાધનો ભોગવતો સંપન્ન પરિવારનો બાળક લક્ષ્યને નજર અંદાજ કરી બીજાઓ સમક્ષ દેખાડો કરવામાં શો ઓફ કરવામાં પોતાની પ્રતિભા વેડફે છે.

આજે બાળકો અભ્યાસ પ્રવૃત્તિમાં ગૂંથાયેલા નથી રહેતા એટલા એકિટવ સોશ્યલ મીડિયા સાઈટ પર ચોંટ્યા રહે છે. દિનપ્રતિદિન બજારમાં આવતી નવી નવી ગેમ્સ એપમાં મન પરોવી રાખીને પોતાના લક્ષ્યથી પર થઈ જાય છે. નવી નવી ટેકનોલોજીનો છંદ, સેલ્ફીની ઘેલછામાં આજના સંતાનો પોતાનો સમય વધુને વધુ બરબાદ કરે છે. જેને લીધે હાથવેંત લાગતી સફળતા નિષ્ફળતામાં પરિવર્તન થઈ રહે છે.

જીવનને સફળ બનાવવા સિદ્ધિતમ શિખર પામવા માટે આજના યુવાનોનું પ્રથમ સોપાન તેનું લક્ષ્ય સિદ્ધ કરવું એ જ હોય છે. પસંદગી ભલે નાની સરખી હોય પણ તેને પામવાનું લક્ષ્ય મોટું રાખી એ આસાનીથી મળી રહે એવા પ્રયત્નો, સાહસ ભર્યા અખતરા કરવા રહ્યાં. જાતને મહેનત, પરિશ્રમથી માંજી માંજીને ચળકાટ ભર્યો રાખવો રહ્યો. હીરાની કિંમત તેનામાં રહેલી પ્રતિભાની ઓળખથી મળે છે નહીં કે અન્યના પ્રભાવ કે પ્રકાશે ઝળકતો હીરો આખરમાં ઝીરો મૂલ્યનો છે. પરિશ્રમ અને પરસેવાની સુગંધ જો ભળે તો સફળતા આપો આપ તમને આવીને શરણ થશે.

સમય કોઈની રાહ જોતો નથી. સમયની રાહ ધૈર્યતાથી આપણને જોવાની છે. એકવાર આંખો બંધ રાખી ઝનૂનતાથી કાર્યલક્ષ પાછળ હોઈશું તો ધ્યેય આપણા દોરવા મુજબ પાછળ પાછળ દોડશે. સફળ થવું કે નિષ્ફળ રહેવું આપણા હાથની વાત છે. જો સફળતા પામશું તો સમાજ સાથીઓ, સોશ્યિલ સાઈટ પણ આપણી નોંધ લેશે. આપણને જોવા, સાંભળવા અને આપણા વિચારોને જાણવા તલપાપડ રહેશે કારણકે ઉગતા સૂરજને સૌ પૂજે છે. એ સત્ય હકીકત છે.

– જય જ્ઞાતિમૈયા

# સંતોષના અભાવથી સંતાપ થાય છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સંતોષનો માપદંડ એ છે કે કશું મેળવવાની ક્ષણે નહીં પરંતુ કંઈક ગુમાવવાની ક્ષણે તમે કેટલી સ્વસ્થતા અને શાંતિ, સમતા જાળવી શકો છો તે છે. એ સંતોષ ધન, દોલત, સતા, સંપત્તિ કે હક્ક હિસ્સો અથવા પદ પ્રતિષ્ઠાનો કેમ ન હોય? મળ્યું એટલું મોજથી માણવું એ જે જતું રહે તે આપણા હક્કનું નહીં હોય તેમ માનીને બેફિકરાઈપૂર્વક ભૂલી જવું એ વૃત્તિ રાખનાર જ ખરા અર્થમાં સંતોષ સાથેનું સુખ મેળવી શકે છે. સંતો, મહારાજ સાહેબો તેમજ ધર્મ શાસ્ત્રો એટલે જ તો સંતોષ ધારણ કરવાનો ઉપદેશને જ્ઞાન આપે છે.

દરેકને પોતાના જીવનનો અનુભવ હશે જ કે હમેંશા દરેક બાબતમાં આપણું ધાર્યું થતું નથી એટલે મળ્યું એને માણો એ મહામંત્ર અપનાવી પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવું. મોજીલા રહેવું એ જ માત્ર આપણા હાથની વાત છે એ ગાઠે બાંધી લેવી જોઈએ. પૈસા, સુખ અને સંપત્તિ પામવાની આંધળી દોટ જીવનમાંથી સુખ, શાંતિ, સંતોષની બાદબાકી કરી નાખે છે.

દરેક વ્યક્તિનો મહા શત્રુ લોભ છે. લોભ માત્ર ધનનો જ હોય એવું નથી. સતાનો, માનનો, અધિકાર હકનો, પ્રશંસા, પદ-પ્રતિષ્ઠાનો હોઈ શકે છે. તમામ પ્રકારનો અતિ લોભ માણસને અસંતોષની ગર્તામાં ધકેલી દુઃખી દુઃખી કરે છે. બીજી તરફ સંતોષનું મૂળ સંયમ છે. મન પરનો કાબૂ સંતોષ માટેનો રાજપથ તૈયાર કરે છે. સંતોષનો અભાવ સંતાપને નોતરે છે. સંતાપ માણસને ચિંતાગ્રસ્ત બનાવે છે. મન, મગજ વિચલીત થઈ અત્ર તત્ર ભટકે છે. જેનાથી કોઈ કામ સિધ્ધ થતું નથી. એને લીધે નિષ્ફળતાની ટિકલી કપાળે લાગે છે. માટે જ મળ્યું તેનો આનંદ માણીએ. આંતરિક સ્વસ્થતાપૂર્વક જીવન જીવવામાં જ મજા છે, મોજ છે.

જીવનમાં જે ધાર્યું થાય હરિકૃપા અને જે ધાર્યુ ન મળે એને હરિ ઈચ્છા ગણી લેવી જોઈએ. હરિ ઈચ્છા કે ભાગ્યમાં લખ્યું હશે તે જ મળશે, લલાટે લખાયેલા લેખ કે હસ્તરેખામાં અંકાયેલી ભાગ્ય રેખાઓ બદલાશે નહીં. જેવા વાક્યો માણસને પ્રારબ્ધ વાદી બની નિષ્ક્રિય બનાવવાનો ઉપદેશ નથી આપતાં પણ ધૈર્ય ધારણ કરી વલખાં નહીં મારવાનું આશ્વાસન આપે છે. અધિક ધન પ્રાપ્ત થયું હોવા છતાં જે મનુષ્ય સંતૃષ્ટ છે તે ખરો સંપત્તિવાન છે, ધનિક છે. સંતોષી થવાની વાત માણસને કડવી ઝેર જેવી લાગે છે. કારણ કે મનમાં કાયમ લોભ, લાલસા, લાલચની વાસનાઓ ઢગલા બંધ કાયમી વસવાટ કરે છે. સંતોષ માણસને હકીકતમાં કર્મ કરતા રોકતો નથી, પણ સાથે સાથે વિવેક અને સંયમ જાળવવા માટેનો પરોક્ષ બોધ આપે છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

**Head Office :**
GB-10 A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (W), Mumbai - 80
Phone : 022 2579 9326 / +91 96194 86622 • Fax : 022 2579 9323
E-mail : acblho@arihantbank.com • Web : www.arihantbank.com

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# NOTICE OF 41st ANNUAL GENERAL MEETING

Notice is hereby given that the 41st Annual General Meeting of the Members of Shri Arihant Co-operative Bank Ltd. will be held on Monday, 16th September 2024, at 9:00 am at Mahakavi Kalidas Natya Mandir, P. K. Road, Mulund (West), Mumbai - 400 080

to transact the following business :-

**1.** To read and confirm the minutes of last Annual General Body Meeting held on 16th September 2023.

**2.** To consider and adopt Annual Report with Audited Balance Sheet as at 31st March 2024 and the Profit and Loss Account for the year ended 31st March 2024.

**3.** To consider and adopt Statutory Audit Report from M/s. Shinde Nayak & Associates (Chartered Accountants) for the Financial Year ended 31.03.2024.

**4.** To consider and adopt rectification report of Statutory Audit for Financial Year 2022-23.

**5.** To take note of Annual Budget and Development plan for current Financial Year 2024-25.

**6.** To ratify the appointment of Statutory & Concurrent Auditors and to authorize the Board of Directors to fix remuneration of Concurrent auditors. The Board of Directors have appointed M/s. H M Gosher & Co. (Chartered Accountants) as Statutory Auditors for the financial year 2024-25 which is approved by Reserve Bank of India and M/s Jain and Jain LLP (Chartered Accountants) as Concurrent Auditors for the financial year 2024-25.

**7.** To consider and approve the proposed amendments for addition / deletion / modification in the Bye-laws of the Bank as recommended by the Board of Directors.

**8.** To grant leave of absence to those members of the Bank who have not attended this Annual General Meeting and requested for leave of absence.

**9.** To seek approval from shareholders to acquire premises on an ownership / rental basis for our Head Office considering space constraint / deteriorated condition of existing Head Office by selling the same.

**10.** To consider and approve the proposal for write off of loss assets as recommended by the Board of Directors.

**11.** Undertaking and disposal of any other business that may be brought before the house and answering of Members' questions, relating to the working of the Bank for the Financial Year 2023-24, permissible under the Bank's Bye-laws and Rules and about which at least 8 days notice, in writing, has been furnished to the Chairman at the Bank's Head Office.

**12.** Any other matter with the permission of the Chairman of the Meeting.

**By Order of the Board of Directors,**
sd/-
**(Ashok Savalkar)**
Chief Executive Officer

**Place : Mumbai**
**Date : 29th August, 2024.**

**Notes :**

**1.** If the quorum is not formed at the time appointed for the meeting, i.e. at 09:00 a.m., the meeting shall stand adjourned. The adjourned meeting will be held on the same date and place at 09:30 a.m. for which separate notice or quorum will not be necessary. No business shall be transacted at the adjourned meeting other than the business on the agenda of the adjourned meeting.

**2.** The Bank's Audited Financial Statements including Audit Report for the F.Y. 2023-24 and the rectification / compliance report for the F.Y. 2022-23 are available to the members for inspection at the Head Office during working hours.

**3.** If any member desires any clarification or information on accounts, he/she is requested to submit the query in writing on or before **8th September 2024**, addressed to the Chairman to reach Head Office of the Bank or by e-mail to **chairman@arihantbank.com** so that the required information may be made available at the Annual General Meeting.

**4.** The soft copy of the Annual Report will be available on the Bank's web site **(**www.arihantbank.com**)** from **31st August 2024.**

**5.** Members are requested to bring with them their Member's Identity Cards / Share folio Number along with any other photo ID for easy entry & convenience.

**6.** With a view to ensure that only bonafide members attend the AGM, Bank has introduced a system of obtaining “Attendance Slip” from every member who attends the meeting.

**7.** In support of Green Initiative and as per the guidelines of the government we have published the notice on our Bank's website/Head office & branches notice board/in newspaper and sent through SMS/e-mails.

# આજથી શરૂ થયા પર્વાધિરાજ પર્યુષણ પર્વ


**પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો પ્રારંભ :**

**તપ, ધ્યાન, ધર્મ અને આરાધના કરવા માટે લોકોમાં ઉત્સાહ**

જૈન ધર્મમાં પર્યુષણના પર્વને મહાપર્વ કહેવાયા છે. દરેક પર્વમાં રાજાધિરાજા ગણાતા પર્યુષણમાં વિશેષ ધર્મ આરાધના કરવા શ્રાવક શ્રાવિકાઓમાં ઉત્સાહ વર્તાય છે. વર્ષ દરમ્યાન ધર્મ ભક્તિ ન કરનાર વર્ગ પણ આ પર્વના સમયે વિશેષ ભક્તિ કરવા તત્પર રહે છે. પ્રભુની પ્રાપ્તિ ધર્મ દ્વારા થાય છે. ધર્મનો ભાવ નમ્રતા, સહનશીલતા અને ક્ષમાપના ભાવથી આવે છે. આ ગુણ વિકસાવવા પુર્યષણ પર્વ નિમિત્ત બને છે.

પર્યુષણ પર્વના દિવસો અગાઉ દરેકે દરેક ઉપાશ્રયો, જિનાલયોને ધર્મ પતાકા, રોશનીથી સજાવટ કરાઈ છે. વિશેષ આયોજનો, વ્યાખ્યાન પ્રવચનની શ્રૃંખલા શરૂ થઈ છે. મુંબઈની સાથોસાથ દેશ દેશાવરોના ધર્મ સ્થાનકો ધર્મ-ભક્તિના આયોજનોથી ધમધમી રહ્યાં છે. મોટા નગરમાં વસતા ઘણા જણ માદરે વતન સ્થાનકે શાંતિથી ભક્તિ આરાધનાનો સંપૂર્ણ લાભ પામવા પહોંચી ગયા છે. પર્વના પ્રારંભ અગાઉ વરસાદની અતિવૃષ્ટિથી કચ્છ-ગુજરાતના અનેક ગામ શહેરમાં પાણીને કારણે ભારી હાલાકી-પરિસ્થિતિ સર્જાઈ છે. માલ, મિલકતની નુકસાની થઈ છે તે છતાં ઉત્સાહમાં ઓટ આવી નથી. ઘણા જણા અગાઉ પહોંચી ગયા તો અનેક ટ્રેન-બસોના બંધ થવાથી હેરાન થઈને પણ આખરે પહોંચી ધર્મ આરાધના કરવામાં તન મનને પરોવી દીધું છે. કચ્છમાં ખાસ કરીને અબડાસા પંથકમાં વરસાદને લીધે અનેક મુસીબતો વેઠવી પડી છે. રસ્તાઓમાં નુકસાન, નદી, તળાવ, ડેમના પાણી ઓવરફ્લો થવાથી સમગ્ર ગામમાં ફરી વળી ઘરોમાં ખાનાખરાબી સજાઈ છે. તે બધું શાંત મને સહન કરીને શ્રધ્ધાળુઓ વર્ષમાં એકવાર આવતા પર્યુષણ પર્વનો ઉત્સાહભેર લાભ લેવા મન મક્કમ કરીને ધર્મ ભક્તિ, તપ આરાધના કરવા સજ્જ થયાં છે. ચાલો, આપણે પણ ધર્મ ભક્તિમાં જોડાઈએ પ્રભુ સમીપ જઈએ.

---



## સમસ્ત મહાજન દ્વારા ક્ષમાપના વિશેષાંક

પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં
જે પણ જ્ઞાતિજને ૯ કે તેથી વધુ ઉપવાસ કર્યા હશે
અન્યથા તેનાથી વધુ ઉગ્ર તપસ્યા કરી હશે
તેમના ફોટો ફ્રી માં અંકમાં સમાવિષ્ટ કરવામાં આવશે
તેઓ તેમનો પાસપોર્ટ સાઈઝનો ફોટો મોકલાવી દે
તેમજ આપ આપના સ્વજનો અને જ્ઞાતિજનોને
જ્ઞાતિમૈયા મારફતે ક્ષમાપના સંદેશ આપી શકો છો



**કલર ફુલ પેજ**
**રૂા.૮૦૦**

**કલર હાફ પેજ**
**રૂા.૫૦૦**

**શનિવાર તા.૭ સપ્ટેમ્બર સુધી મોકલી શકો છો તે માટે સંપર્ક કરો**

**મનિષા લાલકા - 9820545734, વર્ષા લોડાયા - 9833072879**

Email : gyatimaiya2018@gmail.com

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ પ્રેરિત

# શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ દ્વારા ધર્મ ભક્તિ સેવા પધારો પ્રભુ મારે આંગણે

પર્યુષણ મહાપર્વનો આરંભ થઈ ગયો છે. આ મહાપર્વના દિવસોમાં સૌના પગ જિનાલય જયા માટે ઉતાવળા હોય છે. વર્ષના દરેક દિવસો પોતાના રોજગાર કારોબાર કે અન્ય સંજોગો વશાત દેરાસર ઉપાશ્રયમાં પહોંચી ન શકતા લોકો પણ આ મહાપર્વના આઠ દિવસ તપ, ધ્યાન, ધર્મ ભક્તિ આરાધના સાથે પ્રભુના દર્શન વંદનાર્થે જવા ઉત્સુક રહે છે પણ જેઓ પથારી વશ છે. લાચાર અવસ્થા ... ગ્રસ્તિ છે એવા અશક્ત કે વયવૃધ્ધ વડીલજનોની ઈચ્છા, ભક્તિ તૃષા, પ્રભુ દર્શન વંદનની અભિલાષા શું એમ જ વણ સંતોષી રહી જવી જોઈએ?

ના, એમને પણ ધર્મલાભ, ભક્તિ લહાવો મળવો જોઈએ. એ ઉમદા વિચાર રાખી અમદાવાદમાં વસતા જ્ઞાતિજનો જેઓ પથારી હોય, અશક્ત નબળા હોય એવા જ્ઞાતિજનો દેરાસર કે ઉપાશ્રય સુધી જવા માટે લાચાર હોય એવા જ્ઞાતિજનોને પ્રભુ ભક્તિ કરાવવાનો લાભ મળે એ માટે શ્રી કેડીઓ મહાજન અમદાવાદ અને તેની સમગ્ર યુવા ટીમ, આવા જ્ઞાતિજનોને પ્રભુ ભક્તિ કરાવવા તેમના ઘરે પૂજનીય શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સાથે પધારશે અને તેમને અષ્ટપ્રકારી પૂજા કરાવશે. આ વ્યવસ્થાની વધુ માહિતી માટે સંપર્કઃ રાજેશ ધરમશી-૯૯૨૫૦૩૮૮૯૬.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

**તીર્થ સંસ્થાપક :** શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

**તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક :** પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

**• સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712**

**સૌજન્ય : તરૂણકુમાર ધનજી ધરમશી (સુથરી-કચ્છ)**

# શિક્ષણ પ્રેમી માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન










શિક્ષણ પ્રેમી માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવાર છેલ્લા ૪૦ વર્ષ થી આપણા વિદ્યાર્થી મિત્રોને પ્રોત્સાહન આપતા આવ્યા છે.

વડોદરાના બાળકોની હાજરી ૯૫% હતી અમુક જ વિદ્યાર્થી મિત્રોના બદલે વડીલો એ પુરસ્કાર સ્વીકાર કર્યો હતો.

જય જિનેન્દ્ર શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજના નેજા હેઠળ યુવા મંચ ને પોતાની આગવી કૌવત બતાવવાની જે તક સમાજે આપી છે એ યુવા પ્રમુખ મીસ નિતીકા સંજય દંડને ધન્યવાદ.

આગામી પર્યુષણ મહાપર્વના બીજા દિવસે એટલે કે રવિવારે આગામી તા.૧ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ આપણા સમાજના વિદ્યાર્થી મિત્રોના શૈક્ષણિક પુરસ્કાર બાદ (અંદાજે ૧૧.૪૫ કલાકે) યુવા મંચ દ્વારા કારકિર્દી માર્ગદર્શનનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦ ફિલ્ડને ધ્યાનમાં લેવામાં આવી છે જેમાં...

| | | |
|---|---|---|
| ૧ | કોમર્સ | મનન મોમાયા |
| ૨ | આઈ.ટી. | જીત નાગડા |
| ૩ | સી.એ, સી.એસ., વિવિધ પ્રકારના ટેક્ષ | ઉદય છેડા |
| ૪ | સ્મોલ બિઝનેસ, ગૃહઉદ્યોગ | જૈનમ દંડ, દર્શન લાલકા, સંભવ દંડ |
| ૫ | પત્રકારત્વ, માસ કમ્યુનિકેશન અને કાયદો | નિતીકા દંડ |
| ૬ | એચ.આર.,જોબ રિક્રુટમેન્ટ, સેલ્સ | ઝરણા નાગડા |
| ૭ | બેન્કિંગ સેકટર | પ્રાચી લાલકા |
| ૮ | એન્જિનિયરિંગ કોર્સ અને ડિપ્લોમા કોર્સ | દીપ બોરીચા |
| ૯ | સરકારી પરીક્ષાઓ, પોલીસ વિભાગની ભરતી | ડી.સી.પી. પન્નાબેન મોમાયા |
| ૧૦ | ફાઈન આર્ટસ અને હસ્તકલા તેમજ સરકારી યોજનાઓ વિશે | અનુપભાઈ લોડાયા |

# માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન



સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા માટે કટિબદ્ધ થયા. સમાજના વડીલો આપણા વિદ્યાર્થી મિત્રો ને ખાસ આ સમયે લઈને આવ્યા અને વિદ્યાર્થી મિત્રોની કારકિર્દી બાબતે માર્ગદર્શન મેળવી ધન્ય બન્યા.

આ પ્રસંગે સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશીથ ભાઈએ વિશેષ હાજરી આપી ઉપયોગી માર્ગદર્શન આપ્યું.

ખરેખર શ્રી નિશીથભાઈ તથા અનુબેનનો પ્રેમાળ સ્વભાવ અને સમાજ માટે કાંઈક કરી છુટવાની ભાવના શ્રી વડોદરા કચ્છી દશા ઓશવાલ જૈન સમાજને એક મજબૂત તાંતણે બાંધી દેશ પરદેશમાં અવ્વલ નંબર અપાવે છે. દંડ પરિવારની ઘણી ઘણી અનુમોદના.

# સંજીવની સુવર્ણ પેટ્રન તરીકે શ્રીતેકુલાધુ જૈન યુવક સંઘ મુંબઈ જોડાયું




શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિ સંચાલિત જ્ઞાતિના જરૂરતમંદ પરિવારોને અતિ ઉપયોગી રાહત રૂપ એવી કેડીઓ સંજીવની યોજનાની સેવા કાર્યની ફોરમ સર્વત્ર પ્રસરી છે. આ યોજનાની નોંધ ઉદારદિલ દાતાઓ લઈ તેની વિવિધ યોજનામાં જોડાઈ પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાનો ઉદ્દેશ સાર્થક કરે છે. છેલ્લા છ વર્ષમાં સાર્ધ-દોઢસો જેટલી મદદ અરજીઓને નોંધપાત્ર સમયગાળામાં ઉકેલી આકસ્મિક આપતિ-બીમારીમાં સપડાયેલા આબાલ વૃધ્ધોને મદદ ભંડોળ પહોંચાડી સુયોગ્ય સારવાર, સિધ્ધહસ્ત તબીબો દ્વારા ઈલાજ મેળવી સુખરૂપ પોતાના ઘરે પરત ફર્યા છે.

વાર, તહેવાર, પરિવારના સ્વજનોની વિશેષ તિથિઓને સ્મૃતિમય રાખવા કુટુંબીજનો સંજીવની યોજનામાં મદદરૂપ બને છે. જ્ઞાતિજનોનું યુવા સંગઠન શ્રી તેરા કુવાપધ્ધર, લાખાણિયા, ધ્રુફી એટલે કે શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ મુંબઈના માનવ સેવા એ જ પ્રભુ સેવા છે એ ધ્યેય સારને સમજતાં પદાધિકારીઓએ રૂા.૫૧ હજારનું ભંડોળ મેડિકલ સમિતિને પ્રદાન કરી સંજીવની સુવર્ણ પેટ્રન તરીકે જોડાયા છે. પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરવી. અન્યના દુઃખ, પીડા, કષ્ટને જાણી શકે, સમજી શકે એ મહામાનવ છે. નાત-જાત, ધર્મ, ઓળખીતા, પરાયા પારકાને જોયા વગર તેનો સહાય કરવા હાથ લાંબો કરે, તેને ઊભો કરે, સ્વસ્થ થવા મદદ કરે, કાળજી રાખે એ સાચો માનવી છે. કદ-કાઠીથી કોઈ વામન હોય પણ કષ્ટમાં મૂકાયેલા પ્રત્યે કરૂણા ભાવ દર્શાવે એ સાચો ઈન્સાન છે. આ હકીકત શ્રી તેકુલાધુ જૈન સંઘના યુવાઓ યર્થાથ રીતે અમલ કરી છે. જે ખરેખર અનુમોદનીય અને અનુકરણીય છે. આ સદ્ સહયોગનો પ્રસાર જેટલો વધુ થાય એ સૌએ કરવા જોઈએ. મેડિકલ સમિતિ આ સુકાર્ય માટે ઋણ સ્વીકારી વંદન કરે છે.

# શ્રી કારંજા સંઘમાં ૪૫ આગમ પૂજનની ધર્મ આરાધના કરાઈ



તા.૨૫ ઓગસ્ટ રવિવારના દિને શ્રી કારંજા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવનકારી નિશ્રામાં ૪૫ આગમ પૂજનની ધર્મ આરાધનાઓ ધર્મ ભાવ સાથે કરવામાં આવી. સાહેબજીએ આગમ એટલે શું અને ૪૫ આગમમાં જે જ્ઞાન છે તેની ખૂબજ સરસ રીતે જ્ઞાન વર્ધક સમજણ આપી હતી. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર ધર્મપૂજન આરાધનામાં જોડાઈ ધન્ય ધન્ય થયાં હતાં.



# શ્રી તિરૂપુર સંઘમાં વિશ વિરહમાન જિન તપ સુખ શાતાથી પૂર્ણ થયાં



દક્ષિણ ભારત વિભાગના તિરૂપુર સંઘમાં શ્રી સુવિધિનાથ દાદાની અસીમ કૃપાથી પ.પૂ. સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં વિશ વિરહમાન જિન તપ તા.૨૮ ઓગસ્ટ બુધવારે સુખ શાતાપૂર્વક પૂર્ણ થયા.

તપનો પ્રારંભ ૨૦ જુલાઈથી થયો હતો જે તા.૨૮ ઓગસ્ટ બુધવારે પૂર્ણ થયા. ૨૫ જેટલા તપસ્વીઓએ એક દિવસ ઉપવાસ એક દિવસ બ્યાસણા કરી તપ આરાધના સુખ શાતાથી પૂર્ણ કરી હતી. કેડીઓ જ્ઞાતિના એક માત્ર સતીષ હંસરાજ નાગડા આ તપ કરનાર સૌભાગ્યશાળી તપસ્વી હતા.

સમગ્ર તપ દરમ્યાન કિચન અને બ્યાસણાની વ્યવસ્થા જાળવવા માટે પ્રતાપ નાગડા, રાજીવ મોમાયા અને તેમની સમગ્ર ટીમ સપૂર્ણત સજ્જ અને તપસ્વીઓની મદદ માટે કટિબધ્ધ રહી હતી.

# શ્રી નલિયા તીર્થે શ્રી ચંદ્રપ્રભ સ્વામિ ભગવાનના મોક્ષ કલ્યાણક દિને સ્નાત્ર મહોત્સવ ઉજવાયો







અબડાસા પંથકના મુખ્ય નગર નલિયાતીર્થમાં પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ ની પરમ નિશ્રામાં શ્રી ચંદ્રપ્રભ સ્વામિ ભગવાનના મોક્ષ કલ્યાણક દિવસ નિમિત્તે સ્નાત્ર મહોત્સવની ધર્મ આરાધનાઓ અદ્‌ભૂત ભાવ શ્રધ્ધા સાથે થઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો હતો.





# પર્યુષણ પર્વ વર્ષ ૨૦૨૪ : તપસ્વીઓએ ગુગલ ફોર્મ ભરી માહિતી મોકલવા વિનંતી

પર્યુષણ પર્વ શરૂ થઈ ગયા છે અને દરેકે દરેક નગર સંઘોમાં વિવિધ પ્રકારની તપશ્ચર્યા થઈ રહી હશે. સર્વે તપસ્વીઓની શાતા ઈચ્છીએ છીએ. આઠ અને વધુ ઉપવાસ કરનાર દરેક વયના તપસ્વીઓએ નીચે આપેલ ગુગલ લિંક ક્લિક કરી સંપૂર્ણ માહિતી ભરી. ફોટા સાથે મોકલશો. જે જ્ઞાતિમૈયામાં નિઃશુલ્ક પ્રકાશિત કરીશું.

**ખાસ નોંધ : ૧૦ વર્ષથી નાની વયના તપસ્વીઓના નામ સાથે ફોટા પ્રગટ કરાશે. ૧૦ વર્ષથી વધુ વયના ૮ ઉપવાસ કરેલ તપસ્વીઓની માત્ર નામાવલી પ્રગટ કરાશે. ૯ ઉપવાસ કે તેથી વધુ તપસ્યા કરેલ તપસ્વીઓ ના ફોટો પ્રગટ કરાશે.**

**વિશેષ વિગત માટે સંપર્ક મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા-૯૮૩૩૦૭૨૮૭૯**



# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના મોવડી પદાધિકારીઓ કચ્છ-સૌરાષ્ટ્ર ગુજરાતમાં બિરાજમાન શ્રમણ શ્રમણી ભગવંતોના દર્શન વંદનનો લાભ લીધો

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના ટ્રસ્ટી વૈયાવચ્ચ સમિતિના સહકન્વીનર જીતુભાઈ વોરા, ટ્રસ્ટી રાયચંદભાઈ જીવાણી, માનદમંત્રી પ્રવીણભાઈ ટોકરશી લોડાયા, વૈયાવચ્ચ સમિતિના હંસકુમારભાઈ મૈશેરી સોમવાર તા.૨૬ ઓગસ્ટના પાલિતાણા, જામનગરમાં બિરાજમાન શ્રમણી ભગવંતોના વંદનનો લાભ લીધેલ. મંગળવાર તા.૨૭ ઓગસ્ટના કચ્છના આદિપુર, ભુજપુર, કાંડાગર, નાની તુંબડી, રામાણિયા, નાના મોચા આસંબિયા, બિદડા, તલવાણા, ૭૨ જિનાલય તથા શિવમસ્તુ તીર્થમાં તેમજ તા.૨૮ ઓગસ્ટ બુધવારના કોડાય, રાયણ, નાગલપુર, ડોણ, ગોધરા, મેરાઉ, લાયજા, બાડા, નાગ્રેચા, સાભરાઈ, ડુમરા, વાડીયા, વાડીયાવાવ, તા.૨૯ ઓગસ્ટ ગુરૂવારના કોઠારા, નવનીત નગર, વાડીયાવાવ, ભુજ, ભુજોડીમાં બિરાજમાન પૂ.શ્રમણ શ્રમણી ભગવંતોના દર્શન વંદનનો લાભ લઈ ધન્યતા અનુભવેલ.



દરેક મહાત્માઓ સંઘની પ્રવૃત્તિઓની સરાહના કરી. સહુને ધર્મ લાભ પાઠવેલ છે. શ્રી સંઘના વરીષ્ઠ ઉપપ્રમુખ ચીમનભાઈ મોતા સીધા કચ્છ પહોંચવાના હતા પણ વર્તમાનમાં કપરા સંજોગોને કારણ વીરમગામથી મુંબઈ પરત ફર્યા હતા.

સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાત ગયેલ શ્રી સંઘના સૌ મોવડી પદાધિકારીઓ સુખરૂપ મુંબઈ પહોંચી આવેલ છે.

કચ્છમાં સમગ્ર અબડાસા તાલુકામાં અતિવૃષ્ટિને કારણે ઠેરઠેર પાણી ભરાઈ ગયેલ હોવાથી મ.સા. આગળ પહોંચેલ નથી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ





**જયંતભાઈ લોડાયા**
તા.૨૯ ઓગસ્ટ (ઉ.૬૪)
સુથરી-મુંબઈ



**જ્વેરીબાઈ ખોના**
તા.૨૫ ઓગસ્ટ (ઉ.૯૦)
બારોઈ-ગદગ



**રેવંતિબેન પનપારિયા**
તા.૨૬ ઓગસ્ટ (ઉ.૭૫)
નાગ્રેચા-વડોદરા



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● ખેતી અને પશુપાલન રોજગારીનો મુખ્ય સ્ત્રોત છે એવા કચ્છ જિલ્લામાં ખેતી લક્ષી જમીનનો વિસ્તાર ચિંતાજનક રીતે ઘટી રહ્યો છે. એગ્રોસેન્સના આંકડા અનુસાર એક દાયકા પહેલાં જિલ્લામાં ખેતીલાયક જમીનનો વિસ્તાર આઠ લાખ હેક્ટરથી વધુ હતો. જે વર્તમાન સમયમાં ૫૦ હજાર હેક્ટર જેટલો ઘટીને સાડા સાત હેક્ટર પહોંચી ગયો છે. ઔદ્યોગિક પ્રવૃત્તિનો વ્યાપ વધવાની સાથે રહેણાંક પ્રવૃત્તિનો ધમધમાટ પણ વેગવાન બનતા જમીનનો એન.એ. એટલે કે બિનખેતીમાં પરિવર્તીત થવાનું પ્રમાણ વધતાં એક સમયે ખેતી પ્રધાન ગણાતો કચ્છ જિલ્લો આગામી સમયમાં બિનખેતી જિલ્લો બની જશે એ દિવસો હવે બહુ દૂર નથી.

● કચ્છની લાંબા સમયની દિલ્હીની સુપર ફાસ્ટ ટ્રેનની માંગ પૂરી થઈ પરંતુ સ્પેશિયલ ટ્રેન તરીકે દોડતી હતી. પરંતુ હવે આ ટ્રેનને કાયમી દોડાવવાની માંગ હતી જે પૂરી થઈ છે. રેલ્વે બોર્ડ દ્વારા આ અંગેનું પરિપત્ર જારી કરવામાં આવ્યું. જેમાં વિશેષ ટ્રેનના દરજ્જા સાથે દોડતી હતી તે મુજબ જ સમયપત્રકથી ભુજથી મંગળવાર અને શુક્રવારે અને દિલ્હીથી બુધવારે અને શનિવારે અગાઉના સમય મુજબ દોડશે. આ ટ્રેન રેગ્યુલર થવાથી અજમેર, જયપુર સહિતના સ્થળોએ જવા માટે પણ પ્રવાસીઓને સુવિધા મળશે.

● અબડાસા, લખપત અને નખત્રાણા વિસ્તારના ખેડૂતો માટે નર્મદાના વધારાના પાણીનો જથ્થો જાહેર કરવામાં આવ્યો છે. એ કામ નોર્થન અને સર્ધન લિંક યોજના ફેઝ-૨ તાત્કાલિક ધોરણે ચાલુ કરાવવા અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજાએ રાજ્યના મુખ્ય મંત્રીને પત્ર લખી કરી હતી. તેમણે સમગ્ર અબડાસા મત વિસ્તારના ૩૨ જેટલાં પ્રશ્નો પણ રજૂ કર્યા હતા.

● ભુજના સ્વયંભૂ બિહારીલાલ મહાદેવ મંદિરના મહંત રામદાસજી મહારાજ મૌનીબાપુની તબિયત ગંભીર થઈ જતાં ઘનશ્યામ નગરમાં આવેલી ડૉ.કાજાણી હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ.ઝયનુલ કાજાણીએ એમ્બ્યુલન્સ સ્ટાફ સાથે સ્થાનિક તરત આવી પોતાની હોસ્પિટલના આઈસીસીયુ વોર્ડમાં તુરંત દાખલ કરીને લગાતાર બાર દિવસ સુધી સઘન સારવાર કરી હતી. સારવાર દરમ્યાન ઈન્ડોર, આઉટડોર, મેડિકલ ટેસ્ટ દવાઓ તેમજ ચોવીસ કલાક ખડેપગે સ્ટાફ સાથે ડૉ.કાજાણીએ તદ્દન નિઃશુલ્ક કરી હતી. મૌની બાપુની તબિયત સ્વસ્થ થતાં હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ વધતી વય અને અવાર નવાર નાદુરસ્ત તબિયતને અનુલક્ષી મંદિરમાં આઈસીસીયુ સાધનોની તમામ સગવડ તેમજ મેડિકલ સ્ટાફની ચોવીસ કલાકની નિઃશુલ્ક સેવા શરુ કરાવી આપી. નિઃશુલ્ક વિઝિટ પણ નિરંતર કરી રહ્યાં છે. કચ્છની કોમી એકતાના આ દાખલો તબીબની નિઃસ્વાર્થ સેવાએ બેસાડ્યો છે.

● સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા લેવાયેલી રાજ્યની પેનલના અમ્પાયર માટેના પરીક્ષામાં વર્ષો બાદ કચ્છની બે યુવતી સહિત ત્રણ જણ પાસ થયા છે અને પ્રથમવાર કોઈ યુવતી એ પરીક્ષા પાસ કરી છે. ભુજની સ્પીડી ક્રિકેટ એકેડેમીની મહિલા ખેલાડી ટીશા ગોર, પૂજા આહિર અને ભુજની જ રોયલ ક્રિકેટ એકેડેમીના કોચ દીપ ગોર અમ્પાયરની લેખિત પરીક્ષા પાસ કરી છે. હવે પ્રેક્ટિકલ પરીક્ષા લેવાશે.

● કચ્છના છેવાડે રણ વિસ્તારને લીલી કુંજાર ધરતી બનાવનાર અને નરાને મિની પંજાબનું બિરુદ અપાવનાર ૨૫૦ શીખ પરિવાર અહીં વસ્યા પછી નરા ગામ છેલ્લાં ૪૦ વર્ષથી ખેતીકામની ધમધમાટથી મિની પંજાબ જેવું ભાસે છે. ૧૯૬૫ થી બંજર જમીન હવે ફળદ્રુપ બની છે. ૧ હજાર એકર જમીનમાં કપાસ લહેરાય છે તો ચાર હજાર એકર જમીનમાં કઠોળનો પાક અને એરંડા ઉપજશે.



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA